# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

## ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

## જુ.કૃ.યુ., જામનગર- ૩૬૧૦૦૬

તા.૨૫-૧૨-૨૦૨૦થીતા.૨૯-૧૨-૨૦૨૦

**જામનગર જીલ્લા કૃષિ હવામાન બુલેટીન નં. ૯૦(૨૦૨૦) તારીખ: ૨૪-૧૨-૨૦૨૦**

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

### પાછલા અઠવાડીયાનું જામનગર નું હવામાન

| હવામાનપરિબળો | | |
|---|---|---|
| વરસાદ(મી.મી) | | ૦.૦ |
| મહતમતાપમાન(સે.ગ્રે) | | ૨૬.૦-૨૭.૬ |
| લઘુતમતાપમાન(સે.ગ્રે) | | ૧૨.૦-૧૩.૫ |
| ભેજ(%) | સવાર | ૬૧-૭૪ |
| | બપોરબાદ | ૨૪-૩૬ |
| પવનનીગતિ (કિમી/કલાક) | | ૩.૨-૬.૫ |

### હવામાનઆગાહી

### ઉતરસૌરાષ્ટ્રખેતઆબોહવાકીયવિભાગ - જામનગર જીલ્લાની હવામાનઆગાહી

તા.: ૨૫-૧૨-૨૦૨૦થીતા.૨૯-૧૨-૨૦૨૦

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૨૫-૧૨-૨૦૨૦ | દિવસ-૨ ૨૬-૧૨-૨૦૨૦ | દિવસ-૩ ૨૭-૧૨-૨૦૨૦ | દિવસ-૪ ૨૮-૧૨-૨૦૨૦ | દિવસ-૫ ૨૯-૧૨-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહત્તમતાપમાન(સે.ગ્રે) | ૨૯ | ૨૯ | ૩૦ | ૩૦ | ૩૦ |
| લઘુત્તમતાપમાન(સે.ગ્રે) | ૧૬ | ૧૮ | ૧૭ | ૧૭ | ૧૪ |
| વાદળનીસ્થિતિ | ચોખ્ખુ | ચોખ્ખુ | મુખ્યત્વે | ચોખ્ખુ | ચોખ્ખુ |
| મહત્તમભેજ (%) સવાર | ૪૨ | ૫૦ | ૪૭ | ૩૮ | ૩૮ |
| લઘુત્તમભેજ (%) બપોરબાદ | ૨૧ | ૨૨ | ૨૬ | ૨૪ | ૧૬ |
| પવનનીગતિ (કિમી/કલાક) | ૧૫.૯ | ૧૫.૬ | ૧૬ | ૨૦ | ૨૩.૩ |
| પવનનીદિશા (ડીગ્રી) | ઈશાન | ઈશાન | ઉત્તર | ઉત્તર | ઉત્તર |

નોંધ: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવીનહી.

ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર તરફથી જણાવવામાં આવે છે કેઉતર સૌરાષ્ટ્ર ખેત અબોહાવાકીય વિસ્તારનાજામનગર જીલ્લામાં

આગામી સપ્તાહ દરમ્યાન આકાશ ચોખ્ખું થી મુખ્યત્વે ચોખ્ખું રહશે. આગામી સપ્તાહમાં વરસાદ પડવાની સંભાવના નહીવત છે. આ સમય ગાળામાં મહત્તમ તાપમાન દિવસ દરમ્યાન ૨૯-૩૦ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૧૪-૧૮ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.સવારના સમયે ભેજનું પ્રમાણ ૩૮-૫૦ % રહેશે તથા બપોર પછીના ભેજનું પ્રમાણ ૧૬-૨૬% રહેવાની શક્યતા છે.પવનની દિશા મોટે ભાગે ઉત્તર-ઈશાન રહેવાની અને પવનની ઝડપ ૧૫.૬-૨૩.૩ કીમી/કલાક રહેવાની શક્યતા છે.

## સામાન્ય કૃષિ સલાહ

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા ખેતી કાર્યો અને ખેતપેદાશના વેચાણ અને બીજ, ખાતર અને દવાઓની ખરીદી દરમ્યાન મોં પર કપડું (માસ્ક) બાંધી રાખવું અને બે વ્યક્તિ વચ્ચે ૬ થી ૭ ફૂટ અંતર જાળવવું.




ઠંડી હવામાન પરિસ્થિતિમાં અતિશય ઠંડા સીધા પવનથી રક્ષણ માટે રાત્રીના સમયમાં પશઓુ ને શેડમાં બાંધવા અને કંતાન કોથળાનો ઉપયોગ કરવો.

કપાસમાં વધારે પડતો રોગ જીવાતનો ઉપદ્રવ હોય અને નિયંત્રણ થઇ શકે એમ નાં હોય અથવા સમયસર વીણી થઇ ગઈ હોય તો, વહેલી તકે કપાસના પાકને કાઢી જેની વધારે પડતી માંગ હોય તેવા શાકભાજી પાકોનું વાવેતર કરવું જેથી વધારે નફો મેળવી શકાય.. કપાસની સાંઠીઓ/કરાઠીઓનો બાળીને નાશ કરવાની જગ્યાએ શ્રેડર વડે તેના નાના ટુકડાઓ કરી કમ્પોસ્ટ (સેન્દ્રીય ખાતર) બનાવવા ઉપયોગ કરવો.

## પાક પ્રમાણે કૃષિ સલાહ

| મુખ્યપાક | | કૃષિસલાહ |
|---|---|---|
| ઘઉં | ઉધઈ | • ઉધયનો ઉપદ્રવ રહેતો હોય ત્યાં ક્લોરપાયરીફોસ ૨૦ ટકા એ.સી. ૫ લીટર દવા પિયત પાણી સાથે આપવી. |
| | ઉંદર | • જો ઘઉંના પાકમાં ઉંદરનું નુકશાન જોવામળે તો ઝીંક ફોસ્ફાઈડ, બેરીયમ કાર્બોનેટ અને રેડ સ્કવેલ ખોરાક સાથે ભેળવીને મુકવાની ઉંદરના ત્રાસ સામે નિયંત્રણ મેળવી શકાય છે. |
| | પિયત | • મકુટ/તતુંમૂળ અવસ્થાએ ૧૩૦ કી.ગ્રા .યુરીયા અને પિયત આપવું. |
| | રાતડો અને ગેરુ | • રોગની શરૂઆતમાં મેન્કોઝેબ ૭૫ વેપા ૪૦ ગ્રામ ૧૫ લીટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવા. |
| ચણા | પિયત | • ચણામાં ડાળ ફૂટ, ફૂલ બેસવા અને દાણા ભરાવાની અવસ્થાએ પિયત આપવું. |
| | સુકારો | • ચણાના ઉભા પાકમાં સુકારાના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૪૦ ગ્રામ૧૫ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| | લીલી ઈયળ | • ચણાના પાકનું વાવેતર કરેલ હોય તો તેમાં આવતી લીલી અને લશ્કરી ઈયળના નિયંત્રણ માટે ૬ ગ્રામ એમામેક્ટીન બેન્ઝોયેટ અથવા ૨૦ મીલી ક્વીનાલફોસ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાથી સારૂ પરીણામ મળે છે. |
| | સ્ટંટ વાઈરસ | • રોગ મોલોમશી મારફતે ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે કીટનાશક જેવી કે રમથાઈલ-ઓ-ડીમેટોન ૧૨ મીલી અથવા ડાયમીથોએટ ૧૦ મીલી ૧૫ લીટર પાણીમાં ભેળવી જરૂરીયાત મુજબ છંટકાવ કરવો. |
| જીરૂ | સુકારો | • જીરૂના વાવેતર ના ૧૫-૨૦ દિવસ પછી ટ્રાયકોડર્મા ફૂગનાશક પાવડર નો ઉપયોગ કરવો જોઈએ જેથી જમીનજન્ય રોગોથી થતું નુકસાન અટકાવી શકાય છે. |
| | પિયત | • વિલ્ટ અને ફૂગના રોગને રોકવા માટે વધુ પિયત ન કરો.<br>• ત્રીજુ પિયત નિંદામણ કર્યા બાદ ૩૦ દિવસે આપવું અને ચોથું પિયત ૫૦ દિવસે આપવું. |
| | કાળી ચરમી | • જીરુંના પાકમાં ઝાકળ વધુ પ્રમાણમાં આવે તો પિયત મુલતવી રાખવું. તેમજ કાળી ચરમી અને રાખોડીનો ઉપદ્રવ થાય નહિ તે માટે હેક્ઝાકોનાઝોલ ૨૫ મિલી દવા ૧ પંમ્પમાં નાખીને છંટકાવ કરવો. |
| | ભૂકીછારો | • ભૂકીછારા રોગના નિયંત્રણ માટે વહેલી સવારે ૩૦૦ મૈશનો ગંધક પાવડર હેક્ટરે ૧૫ થી ૨૦ કી.ગ્રા.અથવા પ્રોપીકોનેઝોલ અથવા હેક્ઝાકોનેઝોલ ૧૦ મી.લી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ |

| | | |
|---|---|---|
| | | કરવો. |
| ધાણા | સુકારો | • ધાણાના વાવેતર ના ૧૫-૨૦ દિવસ પછી ટ્રાયકોડર્મા ફૂગનાશક પાવડર નો ઉપયોગ કરવો જોઈએ જેથી જમીનજન્ય રોગોથી થતું નુકસાન અટકાવી શકાય છે. |
| | પિયત | • વિલ્ટ અને ફૂગના રોગને રોકવા માટે વધુ પિયત ન કરો. |
| | મોલો | • મોલોના નિયંત્રણ માટે ડાયમીથોએટ ૨૦ મિલી અથવાઈમીડાક્લોપ્રીડ ૩ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીછંટકાવ કરવો. |
| લસણ | ચુસીયા પ્રકારની જીવાત | • ચુસીયા પ્રકારની જીવાત ના નીયંત્રણ માટે ફોસ્ફામીડોન ૫ મીલીઅથવા ડાયમીથોએટ ૧૫ મીલી અથવા મીથાઈલ-ઓ-ડેમેટોન ૧૫મીલી દવાને ૧૫ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૫દિવસના અંતરે છંટકાવ કરવા. |
| | પિયત | • વધારે પડતું પિયત ન આપવું કેમ કે તેનાથી પાંદડા ના રોગ થવાની સમભાવના વધી જાય છે. |
| | પીળા પાન | • પાન પીળા પડતા અટકાવવા મેન્કોઝેબ ૪૦ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં નાખીને છંટકાવ કરવો. |
| ડુંગળી | ચુસીયા પ્રકારની જીવાત | • ડુંગળીમાં ચુસીયા પ્રકારની જીવાત ના નીયંત્રણ માટે ફોસ્ફામીડોન ૫ મીલીઅથવા ડાયમીથોએટ ૧૫ મીલી અથવા મીથાઈલ-ઓ-ડેમેટોન ૧૫મીલી દવાને ૧૫ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૫દિવસના અંતરે છંટકાવ કરવા. |
| | જાંબલી ધાબાનો રોગ | • ડુંગળીમાં જાંબલી ધાબાનો રોગ લાગે નહિ તે માટે પ્રોપીકોનાઝોલ, મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પંપમાં વારા ફરતી કોઇપણ એક દવા નાખીને ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવા. |
| કપાસ | વીણી | • સમયસર વીણી હાથ ધરવી. છેલ્લી વીણી પછી બકરા, ઘેટાં ચરાવવા જેથી ખુલ્યા વગરના ગુલાબી ઈયળના નુકસાનવાળા જીંડવા અને અન્ય કચરો નાશ પામે. ત્યારબાદ કરાંઠી સળગાવવી નહિ પરંતુ રોટાવેટર / મોબાઈલ ચોપરથી નાના ટુકડા કરી જમીનમાં દાટી દેવા જેથી જમીનમાં સેન્દ્રીય તત્વનો ઉમેરો થવાથી સૂક્ષ્મ જીવોની સંખ્યા વધશે અને જમીનના સ્વાસ્થ્યમાં સુધારો થશે. અથવા કરાંઠી ભેગી કરી શ્રેડરથી નાના ટુકડા કરીને છાણ, યુરીયા, કમ્પોસ્ટ કલ્ચર ઉમેરી દેશી(સેન્દ્રીય) ખાતર બનાવવું. |
| દિવેલા | ઘોડિયા ઈયળ, લીલી ઈયળ |   • ઘોડિયા ઈયળ અથવા લીલી ઈયળના નિયંત્રણ માટે ડાયક્લોરોવોસ ૭૬ ઈસી ૧૦ મિલી અથવા મિથાઈલ ઓ ડેમેટોન ૨૫ ઈસી ૧૫ મિલી ૧૫ લીટર પાણીમાં નાખીને છંટકાવ કરવો. |
| | સફેદ માખી અને ચુસીયા પ્રકારની જીવાતો | સફેદમાખીઅનેલીલીપોપટીનોવધુઉપદ્રવજોવામળેછે. જેનાનિયંત્રણમાટેએસીટામાપ્રીડ૨૦ટકાપગ્રામઅનેઈમીડાક્લોપ્રીડ૩૦.૫ % ૩મિલીસાથેલીંબોળીનુંતેલ૫૦મીલીઅથવાલીંબોળીનામીંજનુંપટકાઅર્કનુંદ્રાવણ૫૦૦મીલી/૧૦લિટરપાણી માંમિશ્રકરીછંટકાવકરવો. |
| તુવેર | સ્ટરીલીટીમોઝેક |   • તુવેરમાં સ્ટરીલીટી મોઝેક (વંધ્યત્વનો રોગ, કથીરી)નાનિયંત્રણ માટે પ્રોપરઝાઈટ ૫૭% ઈ.સી ૩૦-૪૦ મિલી/પંપ છંટકાવ કરવો. |
| | પિયત | • ફૂલઅવસ્થાએટપક પદ્ધરતી વડે પિયતઆપવું. |

| | | |
|---|---|---|
| | શીંગ માખી અને શીંગ કોરી ખાનાર ઈયળ | • શીંગ માખી અને શીંગ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે કવીનાલફોસ૨૫ ઈસી ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| શાકભાજી પાકો | | • રોગીષ્ટ છોડને ખેતરમાંથી ઉપાડીને જમીનમાં દાટી દેવા જોઈએ.<br>• શાકભાજી પાકોને નિંદણ મુક્ત રાખવા જોઈએ. |
| | પાન કોરીયુ |  <br>• વેલાવાળા શાકભાજી પાકમાં પાન કોરીયાનો ઉપદ્રવ ટાળવા માટે ૧૫ મીલી મીથાઈલ-ઓ-ડેમેટોન (૨૫ ઈસી) અથવા ૧૫ મીલી ડાયમીથોએટ (૩૦ ઈસી) ૧૫ લીટર પાણીના પંપમાં નાખીને છંટકાવ કરવો. |
| | થ્રીપ્સ |  <br>• મરચીના પાકમાં થ્રીપ્સના નિયંત્રણ માટે ૩૦ મીલી પ્રોફેનોફોસ ૧૫ લીટર પાણીમાં મિશ્રણ કરી છાંટવી. થ્રીપ્સનો વધુ ઉપદ્રવ હોય તો સ્પીનોસાડ અથવા સ્પીનેટોરમ દવા ૭-૮ મીલી. પ્રતિ પંપ છાંટવી. |
| | ફળમાખી |   <br>• ફળમાખીના નિયંત્રણ માટે એસીટામીપ્રીડ ૨૦ ટકા ૧૫ ગ્રામ દવા ૧૫ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | ફળ અને ડોકાની ઈયળોનો |    <br>• રીંગણના પાકમાં જો ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો રીનાક્ષીપાયર ૧૮.૫ એસ.સી દવા ૫ મીલી ૧૫ લીટર પાણીમાં મીશ્ર કરીને છંટકાવ કરવો.<br> <br>• ટામેટાના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે તેના નીયંત્રણ માટે ઈન્ડોક્ઝાકાર્બ ૨૫ ઈસી ૩૦ મિલી અથવા સ્પીનોસાદ ૪૫ ઈસી ૫ મિલી પ્રતિ પંપ છાંટવી. |
| | પાનકથીરી |   <br>• શાકભાજી પાકોમાં પાનકથીરીનો ઉપદ્રવ જોવા મળે તો ફેનાઝાકવિન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ડાયફેન્યુરોન ૫૦ ડબલ્યુ પી ૧૫ ગ્રામ ૧૫ લીટર પાણીમાં પંપમાં નાખીને છંટકાવ કરવો. |

| | |
|---|---|
| સફેદ માખી | • ભીંડામાં સફેદ માખી અને લીલી પોપટીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મી.લી. અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્ક નું દ્રાવણ ૫૦૦ મી.લી. અને ડાયફેનથાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| પશુ | • તાપમાનમાંઅચાનકઘટાડોથતાંપ્રાણીઓનેબચાવવામાટે, રાત્રે પ્રાણીઓને ઢંકાયેલ શેડ / વિસ્તારમાં રાખો.<br>• યોગ્ય માત્રામાં આવશ્યક ક્ષાર / ખનિજ મિશ્રણ ચારા સાથે ભેળવીને પ્રાણીઓને આપવું આવશ્યક છે.<br>• પશુઓના રહેઠાણની જગ્યાની વ્યવસ્થિત સફાઈ રાખવી અને માખીઓના ઉપદ્રવથી બચવા ફિનાઈલ છાંટવું અથવા લીમડાનાં પાનનો ધુમાડો કરવો.<br>• પશુને ૬ થી ૮ કી.ગ્રા. સુકો અને ૧૫ થી ૨૦ કી.ગ્રા. લીલો ચારો આપવો. દુધાળા પશુઓને પ્રતિ લીટર દુધની ઊપજ હોય તેમને નિયમિત ૧ કી.ગ્રા. ફીડ + ૫૦ ગ્રામ ખનીજ તત્ત્વોનું મિશ્રણ આપવું.<br>• ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાલ ૨ મી.લી. એક લીટર પાણીમાં નાખીને છાંટવી. |

# District Agrometeorological Unit (DAMU)

## Gramin Krushi Mausam Seva (GKMS)

## Krishi vigyan kendra

## Junagadh Agricultural University

## Jamnagar-361006

## Date: 25-12-2020 to 29-12-2020

**Jamnagar District Agromet Advisory Service bulletin No. 60(2020) Date: 24-12-2020**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

### Significant weather for the preceding week

| weather parameter | | |
|---|---|---|
| Rain fall (mm) | | 0.0 |
| Maximum temperature (˚C) | | 26.0-27.6 |
| Minimum temperature (˚C) | | 12.0-13.5 |
| Relative Humidity (%) | Morning | 61-74 |
| | Afternoon | 24-36 |
| Wind speed (Kmph) | | 3.2-6.5 |

### Weather forecasting for Jamnagar District

**(Period from Date: 25-12-2020 to 29-12-2020)**

| Date / Paramerer | Day-1 25-12-2020 | Day-2 26-12-2020 | Day-3 27-12-2020 | Day-4 28-12-2020 | Day-5 29-12-2020 |
|---|---|---|---|---|---|
| Rain fall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| Maximum temperature (˚C) | 29 | 29 | 30 | 30 | 30 |
| Minimum temperature (˚C) | 16 | 18 | 17 | 17 | 14 |
| Cloud cover (Okta) | Clear sky | Clear sky | Mainly clear | Clear sky | Clear sky |
| Relative Humidity-I (%) | 42 | 50 | 47 | 38 | 38 |
| Relative Humidity-II (%) | 21 | 22 | 26 | 24 | 16 |
| Wind speed (Km/h) | 15.9 | 15.6 | 16 | 20 | 23.3 |
| Wind Direction (deg.) | NE | NE | N | N | N |

Note: Above forecast is the average situation of whole district not for one particular place.

Gramin Krishi Mausam Seva, Krishi Vigyan Kendra, Jamnagar and Indian meteorological department announce upcoming five days weather forecast of Jamnagar district

Rain fall: Sky will be observed clear to Mainly clear for next five days. In the next week no

chances of rainfall.
Temperature: Maximum and minimum temperature likely to be in range 29-30 °C and 14-18 °C, respectively.
Relative Humidity: The RH-I and RH-II is likely to be in the range of 38-50 % & 16-26 %, respectively.
Wind Direction and Speed: Direction and speed of wind is likely to be N-NE and 15.6-23.3 km/h, respectively.

## General Agricultural Advisory


Instructions given by Indian government on covid-19: - to restrict spreading of the disease while doing all the agricultural operations, it is necessary to maintain social distance, washing hands with soap for maintaining hygiene, to wear mask, to wear protected cloths & handling of instrument by sanitizing it at every place.

Protection of animal due to the cold weather condition animal transfer to the shed / cover area during night.

If there is a high infestation of pests and difficult to control or timely picked of cotton then sowing of demanded vegetable crop for get more benefit as soon as possible. instead of burning cotton stalks, use of cotton shredder to make compost of it.

| Crop wise Advisory | | |
|---|---|---|
| **crop** | | **Advisory** |
| Wheat | Termite | • Application of Chlorpyriphos (20 EC) @ 5 litres per hectare withirrigation in the fields having perennial problem of termite infestation. |
| | Rodent | • If rodent attack seen in wheat crop, make the food availability with poison like Zinc phosphide, Barium carbonate and Red squill. |
| | Irrigation | • Irrigate crop at CRI stage without stress.<br>• Apply 130 kg urea/ha at crown root initiation. |
| | Leaf blight and rust | • To control leaf blight and rust in wheat, at the beginning of the disease Apply a spray of Mancozeb 75 WP 40 gm in 15 litres of water twice at 15 days of interval. |
| Chick pea | Irrigation | • Apply irrigation at branching stage, flowering stage and pod development stage. |
| | Wilt | • If problem of wilting in standing crop, Spray Mencozeb 40 gm in 15 liters of water. |
| | Heliothis | • Apply spray of emamectine benzoate @ 6 g or quinalphos @ 20 ml in 10 liters for control of Heliothis in chickpea of water and sprayed gives good results. |
| | Stunt virus | • As the disease is spread through aphid, systemic insecticide like |

| | | |
|---|---|---|
| | | Methyl-O-dimeton @18 ml Or dimethoate @ 15 ml Mix in 15 liters of water and spray as required. |
| Cumin | Irrigation | • Do not over irrigate to prevent wilt and fungai disease. |
| | Alternaria blight | • Postponed the irrigation in cumin crop in case of dew. Apply Hexaconazole 25 ml/pump for the Alternaria blight and wilt control. |
| | powdery mildew | • Apply spray of Propiconazole @ 10 ml/10 liter in water or Hexaconazole or Supher @ 15-20 kg/ha for control of powdery mildew. |
| | Sucking Pests | • For the control of sucking pests, Spray Imidacloprid 5 ml or Acetamipride 7 gm in 15 liters of water. |
| Coriander | Wilt | • After sowing 15-20 days apply tricoderma fungicide 5-6 kg/ha to prevent the wilt related disease in coriander. |
| | Irrigation | • Do not over irrigate to prevent wilt and fungai disease. |
| | Aphid | • Spray Diamethoate 20 ml or Imidacloprid 3 ml in 10 liters of water. |
| Garlic | Sucking pest | • For the control of thrips, spray Phosphamidon 5 ml or Dimethoate 15 ml or Methay-o- Demeton 15 ml in 15 liter of water at 15 days interval. |
| | Irrigation | • Do not over irrigate to prevent leaf blight disease. |
| | Leaf blight | • Carry out spraying of Mencozeb 75 % WP 40 gm/10 lit or hexaconazole 15ml/10 lit of water to prevent leaf blight disease in garlic crop. |
| Onion | Sucking pest | • For the control of thrips, spray Phosphamidon 5 ml or Dimethoate 15 ml or Methay-o- Demeton 15 ml in 15 liter of water at 15 days interval. |
| | purple blotch | • For the control of purple blotch blight and fusarium wilt disease in onion make 3 alternate sprays of Mancozeb 40 gm and Carbendazim 15 gm in 15 litres of water. |
| Cotton | Picking &pulling of cotton stalk | • Carry out picking in time. Animals like goats,sheep among others, should be allowed to graze on unopened bolls and plant debris in the cotton fields after the last picking to prevent infestation in subsequent year. After grazing, don't burn cotton stalk but do in situ chopping & burying of cotton stalk in soil by mobile chopper and rotavator to improve soil biomass and health. |
| Castor | Semi looper, Spodoptera | • For the control of semi looper and spodoptera spray dichlorovos 76 EC 10 ml or methyl-o-demeton 25 EC 15 ml mix in 15 liter water and spray alternate. |
| | White fly and Sucking pest | • To prevent the attect of white fly and other sucking pest spray Acetamiprid 20 % SP@ 5.0 gm OR imidacloprid 30.5 % 3 ml with neem seed extract 500 ml or neem oil 40 mla / 10 lit of water ml/10 lit of water. |

| | | |
|---|---|---|
| Red gram | Starility mosaic | <br>• Red mite infestation and spread Starility mosaic virus, for control them spray properzait 57% EC 30-40 ml/pump. |
| | Irrigation | • Apply irrigation at pod development and seed formation stage. |
| | Pod fly and Pod borer | • For the control of Pod fly and Pod borer in Pigeon pea, Spray Quinalphos 25 EC 20 ml in 10 liter of water. |
| Vegetables | leaf Webber | • Infected plants should be uprooted and buried in the soil.<br>• Keep vegetable crop weed free.<br><br>• For the control of leaf Webber in fruit leafy vegetable spray 15 ml methyl-O-demeton (25 EC) Or 10 ml diamethoate (30 EC) in 15 liter of water. |
| | Thrips | <br>• For the control of thrips in chilli, spray 30 ml profenophos in 15 litres of water. In case of heavy attack make spray of spinosad or spinetoram 7-8 ml per 15 liter of water. |
| | Fruit fly | <br>• For the control of Fruit fly spray acetamiprid 20 % 15 gm per 15 liter water pump. |
| | Fruit borer | <br>• In brinjal and tomato crops control of fruit borer, spray reenaxipayar @ 5 ml in 15 lit of water.<br><br>• In tomato crops control of fruit borer, spray indoxacarb 25 EC 30 ml or spinosad 45 EC 5 ml per pump mix in water and spray. |

| | | |
|---|---|---|
| | mite | <br>• If mite infestation observe in vegetable then spray fenazaquin 10 EC 10 ml or diafenuron 50 WP 15 gm per 15 liter water pump and carried out alternate spray. |
| | whitefly & jassids | • For control of whitefly & jassids in Okra, spray 500 ml of 5 % neem seed extract or 50 ml neem oil or acephate75 % SP@ 15 gm or imidacloprid 17.8 SL 3 ml/10 litre of water. |
| Animals (Cow, Buffalo) | | • To protect animals from sudden drop in temperature, keep the animals in a covered shed/ area during the night.<br>• Essential salts/mineral mixture in appropriate quantities must be mixed with feed and given to the animals.<br>• Spray phenyl in the animal shed to avoid flys and mosquitoes. Keep animal shed hygienic and clean to avoid flies and mosquitoes.<br>• Provide 6-8 kg good quality dry roughage with 15-20 kg green fodder to the animals. For milch animals, regularly follow schedule of 1 kg feed + 50 g mineral mixture per 2 liters of milk yield.<br>Spray Deltamethrin or Amitraz 2 ml/litre of water for the control of tick. |